ઈડર અને વડાલી તાલુકાના વિસ્તાર માટેની કુબાધરોલ ઉદવહન સિંચાઈ યોજનાથી લાભાન્વિત તળાવોની મુલાકાત લેતા રમણલાલ વોરા

સાબરકાંઠા જિલ્લાના ધરતીપુત્રો માટે આશાના કિરણ સમાન ધરોઇ ડાબાકાંઠના પિયત વિસ્તારમાં કુબાધરોલ ઉદવહન સિંચાઇ યોજનાથી લાભાન્વિત તળાવોની મુલાકાત રાજયના સામાજીક અને ન્યાય અધિકારીતા મંત્રી શ્રી રમણલાલ વોરાએ લીધી હતી જેમાં -થમ તબકકામાં વડાલી તાલુકાના દાંત્રોલી, કોદરેલી, બાબસર, માલપુર, કંજેલી, હાથરવા અને વડાલીના સમરેસર સહિતના ૧૧ તળાવો મુલાકાત લીધી હતી. જયારે બીજા તબકકાના ઈડર તાલુકાના ૧૧ તળાવો મળી કૂલ ૨૨ તળાવો ભરવામાં આવશે તેવી વિગત જણાવી હતી, જેને કારણે બંને તાલુકાના ખેડૂતોની ૭,૦૦૦ હેકટર જમીનને સિંચાઇનો મહતમ લાભ મળશે. આ મુલાકાત સ્થળે ઉપસ્થિત મુખ્ય ઈજનેર શ્રીએ યોજનાની સંપૂર્ણ રૂપરેખા આપી તેનાથી થનારા ખેડૂતોને થનાર લાભ અંગે જાણકારી આપી હતી. આ -સંગે જિલ્લાના અગ્રણી તખતસિંહ હડિયોલ, માર્કેટ યાર્ડના -મુખ જયંતિભાઇ પટેલ, કિસાન સંઘના -મુખ, સિંચાઇ વિભાગના કાર્યપાલક ઈજનેર સહિત અધિકારીઓ અને ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

સાબરકાંઠા જિલ્લામાં બે અકસ્માતમાં ચારના મોત

હિંમતનગર, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લામાં શુક્રવારે બપોરના વડાલીમાં અને ખેડબ્રહ્માના મટોડા બે તાલુકામાં બે અલગ અલગ સર્જાયેલા અકસ્માતમાં ચાર વ્યક્તિઓના મોત થયા હતા જેમાં બે બાળકોનો સમાવેશ થાય છે બંને અકસ્માત અંગે જે તે પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી.

વિગત મુજબ વડાલી તાલુકાના ભાણપુર વસાહતના રહીશ દીપાલસિંહ માનસિંહ ડાભી અને વેડા ગામના રણજીતસિંહ લક્ષ્મણસિંહ પરમાર શુક્રવારે ભાણપુરથી વડાલી કામ અર્થે બાઈક લઈને આવી રહ્યા હતા. દરમિયાન ૧૨ વાગેના સુમારે વડાલીની ઉમીયા પાર્ક સોસાયટી પાસે રોડ પર ટ્રેક્ટર ચાલકે ટ્રેક્ટર બેફામરીતે હંકારી રોંગ સાઈડે ચલાવતા હાઈક સાથે અથડાતા જીવલેણ અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક ૩૦ અંદાજે વર્ષીય દીપાલસિંહ માનસિંહ ડાભીનું ગંભીર ઈજાને કારણે સ્થળ પર મોત નીપજ્યું હતું જ્યારે બાઈક પર સવાર વેડા ગામના રણજીતસિંહ લક્ષ્મણસિંહ પરમાર શરીરે ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક ૧૦૮ દ્વારા વડાલી સિવિલમાં લઈ ગયેલ જ્યાંથી વધુ સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડાયેલ હતા અને ટ્રેક્ટર ચાલક ટ્રેક્ટર મુકી નાસી ગયો હતો અકસ્માત અંગે ભાણપુર વસાહતના માનસિંહ જવાનજી ડાભીએ ટ્રેક્ટર ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી જ્યારે બીજો ગમખ્વાર અકસ્માત ઈનોવા કાર અને હોન્ડા સીટી કાર વચ્ચે ખેડબ્રહ્મા તાલુકાના મટોડા ગામ નજીક બપોરે અંદાજે ૧૨.૩૦ વાગેના સુમારે થયો હતો જેમાં બરોડાના અકોટાના રહીશ સંજયભાઈ પ્રભુદાસ ઠક્કર તેમના પત્ની અને બે બાળકો સાથે હોન્ડાસીટી કારમાં અંબાજી જઈ રહ્યા હતા ત્યારે મટોડા ગામ નજીક સામેથી આવી રહેલ ઈનોવા કાર સાથે ગમખ્વાર અકસ્માત થયો હતો પરિણામે હોન્ડાસીટી કારના ચાલક સંજયભાઈ ઠક્કર (ઉંમર-૩૮), પત્ની કોમલબેન (ઉંમર-૩૫), પુત્ર હર્ષ (ઉંમર-૭) અને પુત્રી ખુશી (ઉંમર-૧૦) ચારેય અને ઈનોવા કારમાંના નવ વ્યક્તિઓને શરીરે ઈજાઓ થઈ હતી જેમાં હોન્ડાસીટી કારમાંના સંજયભાઈનો પુત્ર હર્ષ ગંભીર ઈજાને કારણે સ્થળ પર મોત નીપજ્યું હતું જ્યારે બાકીના ૧૨ જેટલા ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા ખેડબ્રહ્મા સિવિલમાં સારવાર માટે લાવ્યા હતા જ્યાં સંજયભાઈ ઠક્કરનું મોત નીપજ્યું હતું. ત્યારબાદ ગંભીર ઈજાગ્રસ્ત સંજયભાઈની પુત્રઈ ખુશીને વધુ સારવાર માટે હિંમતનગર સિવિલમાં લાવી રહ્યા હતા ત્યારે તેનું પણ રસ્તામાં મોત નીપજ્યું હતું. સંજયભાઈની પત્ની કોમલબેનને હિંમતનગરની મેડીસ્ટાર હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયેલ છે જ્યારે ઈનોવાકારના નવ ઈજાગ્રસ્તો પૈકી બે ઈજાગ્રસ્તોને ખેડબ્રહ્મા અને સાત ઈજાગ્રસ્તોને હિંમતનગર સિવિલમાં સારવાર માટે દાખલ કરાયેલ છે. અકસ્માત અંગે ખેડબ્રહ્મા પોલીસને જાણ થતા પોલીસ સ્થળ પર પહોંચીને ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

મહેસાણામાં બંધ મકાનના તાળા તોડી તસ્કરો રૂ. ૩.૬૭ લાખની મત્તા લઈ ફરાર

તસ્કરોએ બારીની ગ્રીલ તોડી મકાનમાં પ્રવેશ કર્યો હતો

મહેસાણા, તા.૧૦

મહેસાણા શહેર અને જિલ્લામાં પોલીસ તંત્રની નિષ્ક્રિયતાને કારણે ઘરફોડ, વાહનચોરી, મંદિર ચોરીનો ઉપદ્રવ વધી જતાં લોકો અસલામતિની લાગણી અનુભવી રહ્યા છે. મહેસાણા શહેરમાં ગાયત્રી મંદિર રોડ પરની વલ્લભનગર સોસાયટીના એક મકાનમાં રાત્રિના સમયે રોકડ રકમ તથા સોનાના દાગીના મળી કુલ ૩.૬૭ લાખનીમત્તાની ચોરી થયાને ૨૪ કલાકનો સમય વિત્યો નથી ત્યાં શહેરના અર્બન બેંક રોડ પર આવેલ ભરતનગર સોસાયટીના બે મકાનોમાં રાત્રિના સમયે તસ્કરોએ ત્રાટકી અંદાજે સવા બે લાખની કિંમતના મુદ્દામાલની ચોરી કરી પોલીસને પડકાર ફેંકયો હોવાનો બનાવ બનેલ છે.

ભરતનગર સોસાયટીના એક મકાનમાં રહેતા પટેલ રાજેન્દ્રભાઈ અંબાલાલ રાત્રે મકાનમાં સુઈ રહ્યા હતા ત્યારે કોઈ તસ્કરોએ મકાનની બારીની ગ્રીલ તોડી અંદર પ્રવેશ કરીને તિજોરીમાંથી બાર હજારની રોકડ રકમ તેમજ સોનાના દાગીનાની ઉઠાંતરી કરી હતી. બાદ તસ્કરોએ આ મકાનની પાછળના ભાગે આવેલ મોતીભાઈ પટેલના મકાનની બારીની ગ્રીલ તોડી અંદર પડેલ તિજોરી તથા કબાટમાંથી ૬૫ હજારની રોકડ રકમ અને સોના ચાંદીના દાગીનાની ચોરી કરી કયાંક પલાયન થઈ ગયા હતા. આમ બંને મકાનોમાંથી કુલ ૨,૨૦,૦૦૦ની મત્તાની ઘરફોડ ચોરી થતાં મહેસાણા બી. ડીવીઝન પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે. જિલ્લા મથક મહેસાણા શહેરમાં છેલ્લા કેટલાક વખતથી મિલકત વિરૂધ્ધના ગુનાઓએ માઝા મૂકતાં લોકો ભયભીત બન્યા છે.

ખેડબ્રહ્મામાં મિલ્ક શેઈકના બિન આરોગ્યપ્રદ રસનું ધૂમ વેચાણ

લોકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડા

ખેડબ્રહ્મા, તા.૧૦

ખેડબ્રહ્મા શહેરમાં ઉનાળાની ગરમીની શરૂઆતના પગલે મીલ્ક શેઈકના નામે અખાદ્ય બિન આરોગ્યપ્રદ રસનું વેચાણ થઈ રહ્યું છે અને શહેરીજનોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડા કરી રહ્યા છે. ત્યારે તંત્ર દ્વારા આવી હાટડીઓનું ચેકિંગ કરવામાં આવે તેમ લોકો ઈચ્છી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ ઉનાળાની કાળઝાળ ગરમીમાં લોકો તરસ છીપાવવા માટે વિવિધ ઠંડા પીણા પીતા હોય છે. ખેડબ્રહ્મા ખાતે ઉનાળાની શરૂઆતમાં ફળના રસ અને મીલ્ક શેક વાળા તંબુ તાણી બેસી જાય છે. મીલ્ક શેકના વેપારીઓ મોટાભાગે બગડી ગયેલા ફળનો ઉપયોગ કરે છે. કાપેલી કેરીઓ, તડબુચ, શેરડીનો રસ સહિત બિન આરોગ્યપ્રદ ચાસણીનો ઉપયોગ કરીને બરફના ગોળામાં વપરાશ કરતાં હોય છે. તંત્રના અધિકારીઓ આંખ આડા કાન કરી આવા વેપારીઓને છાવરતા હોવાનું લોકમુખે ચર્ચાય છે.

ડિઝાસ્ટર શાખા દ્વારા મોનસૂન એક્શન પ્લાન અંતર્ગત પ્રિ મોનસૂન બેઠક યોજાઈ

હિંમતનગર, તા. ૧૦

હિંમતનગર ડિઝાસ્ટર શાખા દ્વારા મોનસુન એક્શન પ્લાન અંતર્ગત તાજેતરમાં જિલ્લાકક્ષાની પ્રિ મોનસુન બેઠક જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં મોનસૂન એક્શન પ્લાનની કામગીરી કયા કયા તબક્કામાં પહોંચી છે અને નવી કઈ તકનીકનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તે અંગે ચર્ચા કરવામાં આવી છે.

સાબરકાંઠા જિલ્લામાં મોનસૂન એક્શન પ્લાનના ભાગરૂપે આજે અગત્યની બેઠક હિંમતનગર શાખામાં મળી હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર દ્વારા તાલુકા અને સીટીના ડિઝાસ્ટર પ્લાન ઓનલાઈન અપડેટ કરવા, તાત્કાલિક ધોરણે જે તે વિભાગે પોતાના વિભાગનો ડિઝાસ્ટર પ્લાન તૈયાર કરવો, મામલતદાર દ્વારા તરવૈયા, હોડીઓ બચાવ કામગીરીના સાધનોની અદ્યતન યાદી તૈયાર કરવા વગેરે બાબતો પર સૂચનાઓ આપવામાં આવી હતી. ઉપરાંત તમામ વિભાગને સેલ્ફ એસેસમેન્ટની કામગીરી કરવા અને દરેક વિભાગના સાધનોની યાદી ઈન્ડીયા ડિઝાસ્ટર રિસોર્સ નેટવર્ક હેઠળ ઓન લાઈન મુકાશે.

પ્લાસ્ટ ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા રાજ્યમાં પ્રથમવાર પ્રદર્શન યોજાશે

પ્લાસ્ટ ઈન્ડિયા ફાઉન્ડેશનને દેશના સૌથી મોતા પ્લાસ્ટિક ટ્રેડ શો પ્લાસ્ટ ઈન્ડિયા દ્વારા ગાંધીનગર ખાતે ૨૦૧૫માં યોજાશે તેવી જાહેરાત કરી છે. જે નવમું પ્લાસ્ટિક એક્ઝીબિશનનો સંમેલન થશે. આંતરરાષ્ટ્રિય સ્તરના પ્રદર્શનનું ક્ષેત્રફળ એક લાખ સ્કવેર મીટરમાં છે. જે ૨૩ ટકાથી વધુ એક્ઝીબિશન વિસ્તાર છે. રાજ્યની રાજધાની ગાંધીનગર દરેક પ્રકારના બિઝનેસ કલાસ માટે અનુકુળ છે. જે ભારતમાં વિદેશી કંપનીઓ માટે દ્વારા ખોલી આપશે.

તલોદ-પ્રાંતિજ તાલુકામાં એ.ટી.વી.ટી. યોજનાની ગ્રાન્ટ ન મળતા સરપંચોમાં રોષ

તાજપુર કેમ્પ, તા.૧૦

તલોદ-પ્રાંતિજ તાલુકામાં એ.ટી.વી.ટી.યોજનાની ગ્રાન્ટ વર્ષ ૨૦૧૧-૧૨માં વિવિધ કામો અર્થે બંને તાલુકાઓની ગ્રામ પંચાયતોને વિકાસના કામો ફાળવ્યા હતા. કામના વર્ક ઓર્ડર પણ સરપંચને પ્લાન એસ્ટીમેન્ટ સાથે મળી ગયેલ છે. તા. ૬-૨-૧૨ના રોજ કેટલાક સરપંચોને કામના ઓર્ડરો મળ્યા હતા.

મળેલ માહિતી અનુસાર સરપંચો દ્વારા સમય મર્યાદામાં કામ પૂર્ણ થયા છે. કામોના બિલ બન્યા છે તે બિલો રનીંગ બનાવી સરપંચોને ગેરમાર્ગે દોરી ગલ્લા-તલ્લા કરી અત્યાર સુધી સમજાવ્યા છે. સરપંચો દ્વારા થયેલી છેલ્લી તપાસ દરમિયાન જાણવા મળે છે કે યોજનાની ગ્રાન્ટ અધિકારીઓની બેદરકારીના કારણે જિલ્લામાં પરત જમા થઈ છે. ગ્રાન્ટ તાલુકામાં પરત મેળવવા ઘણી મુશ્કેલીઓ પડી રહી છે તેમ અધિકારીઓ જણાવી રહ્યા છે. સરકારી અધિકારીઓની બેદરકારીના કારણે સરપંચો મુશ્કેલીમાં મુકાયા છે. કામ થયેલ બિલોના નાણાં મેળવવા માટે સરપંચોને તાલુકામાં લેતી-દેતી પણ મોટા પાયે કરવી પડે છે. ટુંક સમયમાં હકના નાણા મેળવવા માટે આંદોલન કરવાના મુડમાં જણાય છે.

બાયડના ચોઈલા ગામે બે બંધ મકાનમાં ૬૫ હજારની મત્તાની ચોરી

હિંમતનગર, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકાના ચોઈલા ગામે બુધવાર રાત્રી તસ્કરો ત્રાટક્યાની બંધ બે મકાનના તાળા તોડી અંદરથી સોના-ચાંદીના દાગીનાને રોકડ મળી રૂ. ૬૫ હજારની ચોરી કરી લઈ જતા ગુરૂવારે બપોરે બાયડ પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી.

વિગત મુજબ ચોઈલા ગામના રહીશ કાળુભાઈ ઉર્ફે પ્રફુલભાઈ શંકરભાઈ પરમારના રહેણાંકના બંધ મકાનનું બુધવારની રાત્રીથી ગુરૂવાર સવાર સુધીના સમયમાં કોઈપણ સમયે તસ્કરોએ ત્રાટકી તાળું તોડી અંદરથી પીપળામાં મુકેલ પતરાની પેટીમાંથી અંદર મુકેલ સોનાનું લોકેટ, બુટ્ટી, વીંટી ચાંદીની ઝાંઝરી, છડા, મંગળસૂત્ર, કંદોરો, એક મોબાઈલ અને રોકડ રૂ. ૨૦ હજાર મળી કુલ ૫૮ હજાર ૬૦૦ તથા બાજુમાં રહેતા નટુભાઈ પરમારના બંધ મકાનમાંથી ૫ હજાર રોકડા અને એક મોબાઈલ મળી કુલ બંને મકાનમાંથી કુલ ૬૫ હજાર ૧૦૦ની મત્તાની ચોરી કરી લઈ જતા બાયડ પોલીસમથકે ગુરૂવારે બપોરે કાળુભાઈ ઉર્ફે પ્રફુલભાઈ શંકરભાઈ પરમારે ફરિયાદ નોંધાવી હતી.

સાબરકાંઠા જિલ્લાના કેમીસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસીએશનનો ધરણા સાથે વિરોધ

હિંમતનગર, તા.૧૦

કેન્દ્ર સરકારના અણઘડ નિયમો સામેના વિરોધમાં સમગ્ર સાબરકાંઠા જિલ્લાના કેમીસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસીએશને ધરણા સાથે વિરોધ કરી તા.૧૦મી મે ૨૦૧૩ શુક્રવારના રોજ એક દિવસીય બંધના એલાનમાં જોડાયા હતા. જિલ્લાભરની આશરે ૭૭૫ મેડીકલ સ્ટોર્સના સંચાલકોએ જડબેસલાક બંધ પાળતા હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓને ભારે હાલાકી ભોગવવી પડી હતી. કેન્દ્ર સરકાર દ્વારા ડ્રગ્સ મોલેકયુલ્સની સંખ્યા ૭૨થી ઘારીને ૩૪૮ કરવામાં આવી છે. આ તમામ વિવિધ ડ્રગ્સનો ડી.પી.સી.ઓ. (ડ્રગ્સ પ્રાઈઝ કંટ્રોલ ઓર્ડર) માં સમાવેશ કરાયો છે. જેના કારણે પ્રોફીટ માર્જીનમાં ઘટાડો થશે.

વિદેશી કંપનીઓની દવાઓ સ્થાનિક દવા કંપનીઓ કરતા બમણા ભાવે વેચાણ કરવામાં આવે છે. છતાં કેન્દ્રના ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્માસ્યુટીકલ્સે વિદેશી કંપનીઓ સામે કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરી નથી.

મેડીકલ સોર્સના સંચાલકોને વિભાગના અધિકારીઓ દ્વારા ખોટી કનડગત કરી હેરાન પરેશાન કરવામાં આવે છે.

સાબરકાંઠા જિલ્લા ડ્રગ્સ એન્ડ મેડીકલ એસોસીએશનની હડતાળના કારણે દૂરના ગામડાઓ તથા શહેરી વિસ્તારમાંથી સારવાર માટે આવેલા દર્દીઓને ભારે હાલાકી ભોગવવી પડી હતી જિલ્લાના દરેક શહેરમાં બે થી ચાર દુકાનો ખુલ્લી હોવાનું જાણવા મળે છે. દવા ખરીદી માટે ત્યાં ભારે ભીડ જોવા મળી રહી હતી.

સમગ્ર જિલ્લામાં મેડીકલ સ્ટર્સના સંચાલકોની એક દિવસીય હડતાળમાં વેપારીઓને અંદાજીત રૂ. ૧૦ કરોડથી વધુનું આર્થિક નુકશાન સહન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

ડીસા નગરપાલિકામાં આજે ભાજપના પ્રમુખ ડૉ. તેજલબેન અને ઉપપ્રમુખ નિલેશભાઈ ઠક્કરે વિધિવત ચાર્જ સંભાળતા તેમને શહેરીજનોએ શુભેચ્છાઓ આપી હતી. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

તાજપુર કેમ્પ સ્ટેશન આગળ બમ્પ બનાવવા ગ્રામજનોની માંગ

તાજપુર કેમ્પ, તા. ૧૦

તલોદ તાલુકામાં આવેલ તાજપુર કેમ્પ ગામ ખાતે હાઈવે ઉપર વાહનગતિ અવરોધક બમ્પ મુકવાની છેલ્લા ઘણા સમયથી લોકો માંગણી કરી રહ્યા છે.

તલોદ તાલુકાના તાજપુર કેમ્પ ગામે હાઈવે ઉપર બંને બાજુએ દુકાનો આવેલી છે. તેમજ ગામની વસ્તી પણ બંને બાજુએ અવરજવર કરે છે. આ બસ સ્ટેન્ડની પાછળની બાજુ પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, દૂધ મંડળી તેમજ બેન્ક પણ આવેલી છે. તેમજ અવારનવાર આ રોડ ઉપર ભારે વાહનોની અવરજવર પણ થતી હોવાથી શાળાના બાળકોને પણ ઘણી જ તકલીફ પડતી હોય છે. રાજ્ય સરકારના નિયમ અનુસાર શાળાની આજુબાજુથી પસાર થતા રોડ ઉપર બમ્પ હોવા ફરજીયાત છે. પરંતુ અહીંયા તેનો અભાવ વર્તાય છે અને આ રોડ હાઈવે હોવાથી ભારે માલવાહક વાહનો પણ અહીંયાથી પસાર થતા હોવાથી શાળાના છુટવા તેમજ જવાના સમયે વિદ્યાર્થીઓને ભારે પરેશાની ભોગવવી પડે છે. સાથોસાથ રોડની બન્ને બાજુઓ શોપિંગ હોવાથી સ્થાનિકોને કોઈપણ સામાન લેવા માટે હાઈવે ઉપર થઈ પસાર થવું પડતું હોય છે. આના કારણે પણ લોક લાગમીને માન આપીને આ રોડ ઉપર વાહન અવરોધક બમ્પ મુકવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

મહેસાણા સીવીલ હોસ્પિટલ ખાતે હિમો ડાયાલીસીસ સેન્ટર ખુલ્લુ મુકાશે

મહેસાણા, તા. ૧૦

મહેસાણાની જનરલ સીવીલ હોસ્પિટલ ખાતે રૂ. ૧.૫૦ કરોડના ખર્ચેનિર્મિત હિમો ડાયાલીસીસ સેન્ટર, બાળ સંજીવની કેન્દ્ર અને નર્સિંગ હોસ્ટેલનું રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ ખુલ્લુ મુકશે.

આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રીશ્રી રજનીભાઈ પટેલ, રાજ્ય કક્ષાના આરોગ્ય મંત્રીશ્રી પરબતભાઈ પટેલ, સાંસદ શ્રીમતી જયશ્રીબેન પટેલ, સાંસદશ્રી નટુજી ઠાકોર, અલ્કાબેન ક્ષત્રિય, જિ.પં.ના પ્રમુખશ્રી જયંતીભાઈ પટેલ, ગુ.હા. બોર્ડના શ્રી જયંતીભાઈ બારોટ, ખ્યાતનામ કીડની રોગ નિષ્ણાંત ડૉ. એચ.એલ. ત્રિવેદી, શ્રી અંબાલાલ પટેલ, ધારાસભ્યશ્રીઓ શ્રી નારાયણભાઈ પટેલ, શ્રી રૂષિકેશભાઈ પટેલ, શ્રી ભરતસિંહ ડાભી, મહેસાણાની નગરપાલિકા પ્રમુખ શ્રીમતી ચંદ્રીકાબેન પટેલ, તાલુકા પ્રમુખશ્રી દશરથભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહેશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોની સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો રૂમ બંધ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૫૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન